શ્રી

માનસી સેવા માટે

ભારત માર્તંડ પંડિતવર્યશ્રી ગટ્ટુલાલજી વિરચિત

હૃદય દૂત



શ્રી વલ્લભ કુળદીપમણી

ગોસ્વામીશ્રી ૧૦૮ મહારાજશ્રી ગોકુળનાથજીના

આજ્ઞાથી છપાવનાર

દાસાનુદાસ એક વૈષ્ણવ

સર્વ જતુ કરજો પણ ધર્મ ન છોડશો.

બગલાના ઈતિહાસ ઉપરથી મુસલમાની રાજ્યમા

એક હિન્દુ રમણી

પોતાના ધર્મને ખાતર, દેશને ખાતર

સર્વસ્વનો ત્યાગ કરે છે

બાલયોગિની

-સુન્દર નવલકથા- એક વખત વાચવી શરૂ કર્યા પછી પુરી કર્યા વગર પુસ્તક હેઠુ નહિ મુકો વાચતા તમારા રૂવાટા ખડા થશે અને હૃદયદ્રાવક ચિતારોથી તમને રડવુ આવશે

પ્રત્યેક કુટુબમા બાલયોગિનીની એક પ્રત અવશ્ય હોવી જોઇએ

કીમત રૂા ૧-૮-૦ ટપાલ ખર્ચ જુદુ

મળવાનુ ઠેકાણુ **સરસ્વતી પ્રિન્ટીંગ પ્રેસ**

ઉમરેઠ (જીલ્લો ખેડા)



ઉમરેઠ ભટવાડી પોળને નાકે આવેલા સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસમાં રતીલાલ બાળકૃષ્ણ ત્રિવેદીએ છાપ્યું અને શેઠ મંગળદાસ ગોપાળજીએ મુંબઈ ગીરગામ, કાકડવાડીમાંથી પ્રગટ કર્યું

श्री गोपीजनवल्लभाय नमः

ભારત માર્તંડ પંડિતવર્ય શ્રી ગટ્ટુલાલજી વિરચિત

હૃદય દૂત પ્રારંભ.

(ઓધવજી સન્ગો કહેજો શ્યામને—એ રાગ ગરબી)

હૃદય[1] હવે, તો હરિપદ, પાસે પ્રેમથી,
જાવાથી, સજ, કરવા કામ જરૂરજો,
મ હેશો, દેનાગે તુજ વિણ કોણુ છે,
બીજો ત્યાં, નત્ર પહોંચે છે અતિ દૂરજો —હૃદય ૧

પાંચે ઇંદ્રિય, બેદિલ થઇ બદલી ગયા,
વિષય વશ થઇ, તુજને ખેંચે ક્રૂરજો,
કાઇ કર્મેન્દ્રિય, તોજડ જાણે નહિ,
તુજ મરજીથી, મહેનત માહિ મજુરજો —હૃદય ૨

પળપળ આયુષ ચોગે, યમ દિવસો ગણે,
કાળ સર્પની, મુખ વિષ ઝાળ કરાળજો,

૧ આ કવિતામા હૃદયને ઉદ્દેશાને કહે છે

પાણી પહેલી પાળ બાંધ સંભાળતું,
ભાગ્ય રાજ્ય નિજ, આળસ ઝાળ વિશાળજો –હૃદય ૩
ખટપટ તજીદે, ત્યાં ઝટપટ જઇ પહોંચવા,
સરલસાફ છે, સુખકર સેવા પથજો,
વણશ્રમના, ઉત્તમ–અગવા[1] તુજને દઉં,
પંથબતાવે, શ્રીહરિમુખનાગ્રંથજો[2] –હૃદય ૪
સતી સુહાગણ, શ્રદ્ધા સમી માર્ગમાં,
આવીદીસે, કાર્ય સિદ્ધિ દેનારજો,
વેદ ભણતા, વૈષ્ણવ વિપ્રો વદજે,
આ વખતે આ, ઉત્તમ શકુનો મારજો –હૃદય ૫
કામ ક્રોધ મદ, લુટારા, પથમાં ઘણા,
વચ્ચે હરે ધન, મારે ભાગી અંગજો,
તેથી બચવા, લેજે ચોકી ચાહુથી,
સથવારામાં, સદા શુદ્ધ સત્સંગજો –હૃદય ૬
રહી સાથમાં, થાય સહાય સદા તને,
એવો બસ છે, એકજ છેક વિવેકજો,
ખરચી ધર્મ, અને ભાતું હરિ પ્રેમજે,
તે સંભાળી કરશે, કુશળ અનેકજો –હૃદય ૭
વ્રજ વૃંદાવનમાં, વહાલો મળશે તને,
ટળશે તારા, તુરત સકળ સંતાપજો,

૧ વળાવીયા ૨ વેદ ગીતા ભાગવત્ વિગેરે.

મધુપુર* દર્શનથી, બળશે બહુ જન્મનાં,
પ્રબળ અનળથી, તૃણની પેઠે પાપજો -હૃદય ૮
ગિરિ કલિન્દકન્યા[૧], કલિ કલેશ હરે બધા,
દર્શન માત્રે, ફળશે મોટા ભાગ્યજો,
મરકત મણિમાળા[૨], જાણો મધુપુરી તણી,
શ્રી યમુના, આપે લોચન અનુરાગજો -હૃદય ૯
શ્રી હરિ, અંગ સંગથી મંગળ તે તણા,
જળ તરંગ તુજ, દેશે ભવનો ભંગજો,
યમુના પયપાનેથી[૩], ભગિની પુત્રને,
નરક નાખવા, યમ અડકે નહિ અંગજો -હૃદય ૧૦
જન્મ ભૂમિ જઇ, જોજે જલદી જરૂર ત્યા,
જયા પ્રગટયા હરિ, પોતે શ્રી મથુરેશજો,
શેષ મહેશ, સુપૂજિત કેશવ ચરણનો,
હૃદય દેશ નહિં, રહે, કલેશનો લેશજો -હૃદય ૧૧
પુન્ય ધૂરિનપુરીની, કરી પરિક્રમા,
ભવનોને,[૪] યમુનાનો ઉતરી પાર જો,
શ્રી ગોકુળ નિરખેતો, કુળ તરશે બધા,
પરમ પવિત્ર, મહાવન નંદાગારજો[૫] -હૃદય ૧૨

* શ્રી મથુરાજી વ્રજ યાત્રાનુ લક્ષ સ્થાન છે ૧ શ્રી યમુનાજી ૨ નીલમની માળા ૩ શ્રી યમુના જળનુ પાન કરનારને નરક યાતનાથી મુક્ત થવાનુ યમરાજાએ વરદાન આપેલ છે.

૪ સંસારનો ૫ નંદરાયજીનુ ઘર.

બ્રહ્માદિકને ધ્યાને, દુર્લભ શ્રી હરિ,
રીખતા[1] જ્યાં, લોટ્યા જગદા ધારજો,
તે હરિ હરિ જનના, પદરજમા લોટજે,
પ્રેમ–અશ્રુ પડતે, તુ વારવારજો —હૃદય ૧૩

દામોદર દામણુથી, બધાયા જહા,
નિત્ય મુક્ત ઇશ્વર, છોડી નિજ નેમજો,
જનનીના મનની, ઇચ્છાને પુરવા,
ભક્ત વશ્યતા જોતા, વધશે પ્રેમજો —હૃદય ૧૪

બાળ રસાળ ચરિત્ર, તણો રસ છે ઘણો,
પણ ત્હારે ત્યા, મગ્ન થવુ નહિ હાલજો,
સુદર બાળ મુકુદ, વદન અર્વિન્દનો,[2]
છબિ મકરદ, પીવા મળશે શુભ કાળજો —હૃદય ૧૫

હરિયે મુખમા, મેલેલી મૃદુ મૃત્તિકા,[3]
ખાતા તો મળશે, કોમળતા મારજો,
હૃદય તરગતુ, વળજે, વૃદાવન ભણી,
ધ્યાન ધરીને, રમતા નદકુમારજો —હૃદય ૧૬

વૃદાવનમા નદીશ્વર, ગિરિપાસ છે,
શ્રી ગોકુળપર, નદગામ એ નામજો,
રસ વરસાવે, બરસાનુ ગિરિ ઉપરે,
ત્યા નજીક, વૃષભાનુ લાડિલી[4] ધામજો —હૃદય ૧૭

---

૧ ઘુટણીએ ચાલવુ ૨–કમળ ૩–કાકરી વિનાની માટી ૪–રાધિકા

હરિપદ[1] ગોપદ,[2] ગોપપદાંકિત[3] ભૂમિમા,
નદમદન, જોજે નદીશ્વર હેઠજો,
શુકેકહિલીલા,[4] બહુ બહુ નદગામની,
જે સ્મરતા, તુ પીગળીગ માખણ પેઠજો —હૃદય ૧૮
તુરતજ હરિમળવા સ્થળ છે વ્રજમા ઘણા,
નદ ગામપાસે, અતિ અદ્‌ભુત એકજો,
પરમવિરહ, પરિતપ્ત ગોપીકાને કહયો,
જયા ઉદ્ધવના મુખથી કાઇ વિવેકજો —હૃદય ૧૯
તે સ્થળમા એકાન્ત, શાન્ત થઇ બેસજે,
પ્રથમ કરી પ્રેમે, ગુરૂ ચરણ પ્રણામજો,
નિસ્સાધન અતિ, દીન થઇ શરણે જઇ,
ધ્યાન ધારજે, વ્રજપતિ કેરૂ ધામજો —હૃદય ૨૦
ત્યા અથવા, બરસાનુમા સકેતમા,
ચીર ઘાટમા, યમુના તટમા ક્યાય જો,
શ્રીભાગવત, અને હરિજન વાણી થકી,
જરૂર ધામ સહીત, હરિ દર્શન થાય જો —હૃદય ૨૧
પરમ ધામ, અભિરામ શ્યામનુ ત્યા તને,
ગુરૂ કરૂણાથી, જ્યારે દીસે સાર જો,
પ્રથમજ હરિગુરૂ, હરિજનને વદન કરી,
સાવધાન થઇ, ત્યા જાવુ નિરધારજો —હૃદય ૨૨

૧-પ્રભુચરણ ૨-ગાયના પગલા ૩-ગોવાળીયાના પગલા ૪-શુકદેવજી.

નિર્મળ જળ, યમુના તુજ દર્શન આપશે,
રત્ન જડિત તટ, બે મણિમય સોપન જો,
અલીકુલ સકુલ, કમળ રસાલ મરાલ ત્યાં,
દેહ અલૌકિક, મળવા કરજો પાનજો —હૃદય ૨૩
સુખવર્ધન ગોવર્ધન, ગિરિધર નિરખજો,
ઉત્તમ ખગ[1] મૃગ નગ[2] ઝમઝગ નગ[3] કાન્તિજો,
સુંદર કન્દર,[4] મંદિર અંદર થાય છે,
નિરઝર ઉપવન, ભવન પવનથી શાન્તિજો —હૃદય ૨૪
સવિનય જઈ, જોજે કાલિન્દી કૂલમાં
સુફલ ફૂલ, અનુકુલ કલ્પતરૂ મૂલજો,
કોટિ મદન મદ, દલન જલદ સમ શ્યામતે,
અંગવીજળી જેવું, પીત દુકૂલ[5] જો —હૃદય ૨૫
મોરપીછ શિરપર, ચિત ચોર કિશોરના,
કરપર અધર ધરી, મુરલી સુર લીન જો,
બ્રહ્માદિકને દુર્લભ, દેવ સમાધીમાં,
જેમ તેમ પણ, પ્રેમ ભક્તિ આધિનજો —હૃદય ૨૬
કંઠે કૌસ્તુભ, ચરણ અંડે ગુંજા તણી,
માળાને વન માળા, તુળસી માળજો,
વદન કમળ પર, ખેલે ખંજન બે પઠે,
મદ ભંજન, મનરંજન નેન વિશાળજો —હૃદય ૨૭

૧-પક્ષીઓ ૨-પર્વત ૩-રત્નો ૪-ગુફાઓ ૫-વસ્ત્ર

અલિ કુલ પેઠે, ચલ[1]કુંતલ રાજે ઘણા,
મકરાકૃતિ બે, કુંડળ કાને લોલ જો,
મંદ હાસ્યથી, કોટિ ચંદ છબિ જીતતાં,
અરૂણ અધર શુભ, નાસાચિબુક[2] કપોળજો–હૃદય ૨૮
મંદ દર્પ, કંદર્પ કોટિ રૂપે થયા,
આનંદાત્મક, ઉદગ ચરણ કર અંગજો,
વામ ભાગમાં, મૂળ રમા પગમાં લસે,
મુર્તિમતિ, પરભક્તિ રાધિકા સંગજો –હૃદય ૨૯

દર્શન માત્રે, દૂર થકીજ પ્રણામ તું,
પ્રેમે કરજે, ધરજે નહિ કો કામજો,
હેમ કોટિથી, અધિક પ્રેમ અતિ શુદ્ધતું,
ભેટકરીને, કહેજે શ્રીગુરૂ નામજો –હૃદય ૩૦

હું અધન્ય, તું ધન્ય અનન્ય ખરેખરો,
મુજથી તું, જોઇશ પ્રથમ વ્રજઇશજો,
તુજ સહાયથી, મુજનેપણ મળશે હરી,-
અખિલભૂપની, રૂપ સુધાતું પીશજો –હૃદય ૩૧

શરણાગતજાણી, કરૂણા કરશે હરિ,
અતિ પ્રસન્નમુખ, દેખી નંદકુમારજો,
અવસરજોઇ, ભક્ત કૃપા ભરમેરહી,
દીનથઇને, વદજે વાણી સારજો –હૃદય ૩૨

૧–છુટા છુટા કેશ ૨–હડપચીએ હીરો.

" દાસ તમારો, દીન થઇને વીનવે,
શરણુ ગ્રહીને, ચરણુ તમારા એક જો,
કર્યું સમર્પણ, મે તમને સર્વસ્વનુ,
પણ મુજમા નથિ, આશ્રય ધૈર્ય વિવેકજો —હૃદય ૩૩
આપ વિયોગ થતા, ભવ ભોગજ ભોગવ્યા,
સ્વર્ગ નરકને, બ્રહ્મલોક નર લોકજો,
બહુ ભટકયો, પટકયો માયાએ મોહમા
અટકયો અતિ, ધન જન વનિતા ગુત શોકજો —હૃદય ૩૪
કરૂણાકર–ગુરૂને, તાણી વાણી કહી,
પ્રાણી પાણી, મથવુ તજી હરિ સેવજો,
તે વાણી જાણી, આણી નહિં ચિત્તમા,
મે મૂઢે નહિ, આપ ઓળખ્યા દેવજો, —હૃદય ૩૫
સર્વેન્દ્રિય વશરાખી, નહિ સેવા કરી,
આપ રૂપનુ, મે ધરિયુ નહિ ધ્યાન જો,
વિદ્યા શીખી, વાદકર્યા જગ જીતવા,
પણ પ્રેમે નહિ, કરિયું તમગુણ ગાનજો —હૃદય ૩૬
હવે હકારૂ, આવે નહિ યમરાજનુ,
એમ થશે તો, જશે તમારી લાજજો,
દીન હીન મતિ, અનુચરને કો ઓળખે,
અજય વિજયનું પાત્ર બને છે રાજજો —હૃદય ૩૭
જો કહેશો કે શુદ્ધ, ધર્મ, તુજમા નથી,
નારદ જેવું નથી, પ્રેમ ગુણગાન જો,

આગ્રહિ ભકત, નથી પ્રહલાદ સમાનનું,
નથી વ્યાસ શુક, જેવાં ભક્તિ જ્ઞાન જો —હૃદય ૩૮
એમ કહી પ્રભુજી, મુજને ન ઉડાવશો,
એક કહુ હુ, કરજોડીને વાતજો,
નક્કી હુ ન, અજામિલથી હલકો જરા,
તેથી મારા, શત ગુણુ ધર્મ વિઘાતજો, —હૃદય ૩૯
મેં તો તેથી, પાપ હજાર ગણાં કર્યાં,
તે પદવી મુજ, આપોકાં નહિ તોયજો,
અલ્પ દુષ્ટ, તાર્યા તેમાં બળશું કશું,
મુજ સરખો, નહિ પાપી મળિયો હોયજો —હૃદય ૪૦
પ્રભુ કહેશોકે, વેદ શાસ્ત્ર શીખીતરો,
ઘણા શાસ્ત્રને, દૂર થકીજ પ્રણામજો,
ખંડન મંડન, કરિએ એક બીજા તણું,
તુરત બગાડે, શ્રોતાજનનુ કામજો —હૃદય ૪૧
આપ વદન, આચાર્ય થકા મેતો સુણ્યું,
તરવા સાધન, પરમ મંત્ર તમ નામજો,
હાસ્ય કરી, વા-દમ્ભધારી ઉચ્ચારતાં,
દોષ હરિને, પૂરે સહુમન કામજો —હૃદય ૪૨
હુ દમ્ભી ગંભીર, ઘણો તોપણ હવે,
નિજ ચરણાશ્રિત, શરણાગતની લાજજો;
આણીને, જાણીને શ્રી ગુરૂનોમને,
કરવું પડશે, પ્રભુ મારૂં પણ કામજો —હૃદય ૪૩
તારો તુરત, તર્યાસો જાણીને હવે,

સારોકે, વણુ પ્યારો પણ હુ દાસજો;
આપ ભજન, નકર્યું નહિ બીજાને ભજ્યા,
સ્વામી ગર્વથી, સર્વ દેવને ખાસજો —હૃદય ૪૪
હોય વિલંબે, ઇચ્છા જોફળ દાનની,
તોપણુ રાખો, મને સદા પદ પાસજો,
તે પદ પાસ, જઇ પાછુંન ફરીશતુ
દૂત મોકલ્યો, અહિયાં કરવા વાસજો —હૃદય ૪૫
આટલું બોલી, અધિક કશુ નહિ બોલવુ,
તે જાણે છે, સઘળુ પ્રભુ સ્વતંત્રજો,
ચરણરેણુમા, રેણુ બનિ રહેજે સદા,
પદમાં વળગી, હૃદય ! એજ પર મંત્રજો —હૃદય ૪૬
મારૂ કારજ, સારજ પારઉતારજે,
ભકિત ધારજે, ધરિ ગુરૂપદ આધારજો,
કુમતિ મારજે, દોષ વારજે દૂરથી,
ગોવર્ધન પ્રભુ ભજને વારવારજો —હૃદય ૪૭

(ગીત)

હરિપદમા અર્થ અમલ, ભકિત ભરિત હૃદય દૂતજો પામે
કૃષ્ણ કૃપાથી કર્તા, નલહે કલિ કલિત કષ્ટ કદુ કામે—

સમાપ્ત

સરસ્વતી ગ્રન્થમાલાનું પ્રથમ પુસ્તકઃ-

૧૫-૭૮

દષ્ટિ

કવિવર રવિન્દ્રનાથ ટાગોરને આજે કોણ નથી ઓળખતુ ?
તેમનીજ લખેલી વાર્તા ઉપરથી ગુજરાતી અનુવાદરૂપે
ઉપરનુ પુસ્તક છે ધર્મપ્રતિ શ્રદ્ધાથી અને પતિને
પ્રભુ તરીકે પુજવાથી એક અંધ અબળા દેખતી
થાય છે.

ધર્મનો એક અજબ ચમત્કાર

પ્રત્યેક ધર્માનુરાગી સ્ત્રી-પુરૂષે અવશ્ય વાંચવીજ જોઇએ.

અઢી આનાની ટીકીટ બીડી તુરત મંગાવો.

મળવાનુ ઠેકાણુ. સરસ્વતી પ્રિન્ટીંગ પ્રેસ
ઉમરેઠ (જીલ્લે ખેડા)